ક્રિ.કેસ.નં.૭૧૧/૧૪

(૧). આ કામના આરોપી સામે ધી પ્રોહી.એકટ કલમ ૭૦(ક) મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડ કલમ ૨૦૭અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ છે. આરોપીએ ત્યારબાદ ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે. અને ત્યારબાદ આરોપીની ધી પ્રોહી.એકટ કલમ ૭૦(ક) ના ગુના માટે પ્લી/ નિવેદન લેતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨). સજા બાબતે આરોપીને સાંભળતા. આરોપીએ તેઓ મજુરી કામ કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે અને તેઓનો આ પ્રથમવારનો ગુનો છે અને હવે પછી આવો ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે. જેથી તેમને યોગ્ય ઓછામાં ઓછો દંડ કરવા જણાવે છે એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈશકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩). આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

**::: હુ ક મ :::**

આરોપીને ધી પ્રોહી.એકટ કલમ ૭૦(ક) મુજબના ગુના માટે ક્રિમી નલ પ્રોસીઝર કોડની કલમ ૨૫૨ અન્વયે કસુરવાર ઠરાવી ૨૦૦/–(અંકે રુપીયા બસો પુરા/–) દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને ૧૫(પંદર ) દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.

તા. ૮/૯/૧૮

( એસ.એમ.સોલકી)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૨, અમદાવાદ.
કોડ નં.GJ00514